અગત્યનું/ખુબ જ જરૂરી
રવિ કૃષિ મહોત્સવ ૨૦૧૫

વિસ્તરણ શિક્ષણ વિભાગ
આણંદ કૃષિયુનિવર્સિટી
આણંદ-૩૮૮ ૧૧૦

# કાર્યાલય આદેશ

રાજ્યના ખેડૂતોને રવિ સીઝનમાં રવિ પાકો વિષે આધુનિક કૃષિ તાંત્રિકતા અંગે માર્ગદર્શન તેમ જ ખાતાની વિવિધ સહાય યોજનાઓ અંગેની સમજ મળી રહે તે હેતુસર રવિ સીઝન અગાઉ રવિ કૃષિ મહોત્સવ-૨૦૧૫નું રાજ્ય સરકારે તા. ૨૬-૧૦-૨૦૧૫થી તા. ૦૭-૧૧-૨૦૧૫ દરમ્યાન ઉજવવાનું નક્કી કરેલ છે. અને તે અન્વયે માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડેલ છે. માર્ગદર્શક સૂચનાના મુદ્દા (૪) પ્રમાણે નવા તાલુકાઓ પ્રમાણે રાજ્યમાં તાલુકા દીઠ એક રવિ કૃષિ મહોત્સવનું આયોજન કરવાનું રહેશે. તો તે પ્રમાણે નવ જિલ્લાના ૬૭ તાલુકાઓની સંખ્યાને ધ્યાને લઇ એક કાર્યક્રમ એપીએમસી ખાતે અથવા જિલ્લા ખેતિવાડી અધિકારી જિલ્લાની જિલ્લા કક્ષાની સમિતિના પરામર્શમાં રહી નક્કી કરે તે જગ્યાએ યોજવાનો થાય છે.

રવિ કૃષિ મહોત્સવ-૨૦૧૫ના સમયસર અને સુચારૂં આયોજન કરવા હેતુસર સરકારશ્રી દ્વારા માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે, જેમાં એક દિવસીય સૂચિત મોડેલ કાર્યક્રમ પણ દર્શાવેલ છે. આ અનુસંધાને માર્ગદર્શક સૂચનાના મુદ્દા નં.૪ અનુસાર જે તે યુનિવર્સિટીના કાર્યક્ષેત્રના નવ જિલ્લાઓમાં નવા તાલુકાઓ પ્રમાણે તાલુકા દીઠ એક રવિ કૃષિ મહોત્સવ પ્રમાણે કાર્યક્રમો કરવાના થાય છે. જે પ્રમાણે આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના નવ જિલ્લાઓમાં (અમદાવાદ-૧૦; આણંદ-૮; દાહોદ- ૮; ખેડા- ૧૦; પંચમહાલ- ૭; વડોદરા- ૮; મહિસાગર ૬; બોટાદ ૪ અને છોટા ઉદેપુર ૬) કુલ ૬૭ તાલુકાઓમાં એક દિવસીય કાર્યક્રમ આયોજીત કરવાનો થાય છે. તે મુજબ ત્રણ વૈજ્ઞાનિકોની ટીમ (કૃષિ, બાગાયત અને પશુપાલન) માર્ગદર્શન કરશે.

આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા આ કાર્યક્રમના અસરકારક અમલીકરણ માટે નીચે મુજબનું આયોજન કરવામાં આવેલ છે.

(૧) ડૉ.પી.પી.પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકને રવિ કૃષિ મહોત્સવ-૨૦૧૫ માટે આણંદ કૃષિ યુનિવર્સિટીના નોડલ ઓફિસર તરીકે જાહેર કરવામાં આવે છે.

(૨) ડૉ.વી. આર બોઘરા, સહ વિસ્તરણ શિક્ષણ નિયામક, વિ.શિ.નિ કચેરી, આણંદને રવિ કૃષિ મહોત્સવ-૨૦૧૫ના કો-ઓર્ડીનેટર તરીકેની અને ડૉ.એચ. બી પટેલ, વિ.શિ.શાસ્ત્રી, વિ.શિ.નિ.ની.કચેરી, આણંદ ને આણંદ કૃષિ યુનિવર્સિટી તરફ થી કૃષિ મહોત્સવ-૨૦૧૫ ના સહ કો-ઓર્ડીનેટર તરીકેની જવાબદારી સોંપવામાં આવે છે.

(૩) વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરીમાં કૃષિ મહોત્સવ-૨૦૧૫ ના સંકલન માટે નીચે મુજબની સમિતિ રચવામાં આવે છે.

| ક્રમ | નામ | હોદ્દો | મોબાઈલ નંબર |
|---|---|---|---|
| ૧ | ડાં.વી.આર. બોઘરા | સ.વિ.શિ.નિ.,વિ.શિ.નિ.ની કચેરી, આ.કૃ.યુ., આણંદ | ૯૪૨૮૯૪૭૦૦૫ |
| ૨ | ડાં.એચ.બી પટેલ | વિ.શિ.શાસ્ત્રી, વિ.શિ.નિ.ની.કચેરી, આકૃયુ,આણંદ | ૯૪૨૮૧૫૩૬૧૮ |
| ૩ | ડાં. એન.વી.સોની | વિ.શિ.શાસ્ત્રી, વિ.શિ.નિ.ની.કચેરી, આકૃયુ,આણંદ | ૯૪૨૭૮૫૬૦૪૫ |
| ૪ | ડાં.મુકેશ આર.પટેલ | મ.વિ.શિ.શાસ્ત્રી, વિ.શિ.નિ.ની કચેરી, આકૃયુ,આણંદ | ૯૮૨૪૪૨૧૮૮૦ |
| ૫ | ડાં. અર્પિતા શર્મા | મદદ પ્રાધ્યા, વિ.શિ.નિ.ની કચેરી, આકૃયુ,આણંદ | |
| ૬ | શ્રી જે. ડી. દેસાઇ | ખેતીવાડી અધિકારી, વિ.શિ.નિ.ની કચેરી, આકૃયુ,આણંદ | ૯૪૨૬૯૬૦૧૭૪ |
| ૭ | શ્રી કે. જી. સોલંકી | હેડ કલાર્ક,વિ.શિ.નિ.ની કચેરી, આકૃયુ,આણંદ | ૮૩૪૭૮૫૨૯૬૦ |
| ૮ | શ્રી આર.સી. મારવાડી | સીનિયર કલાર્ક,વિ.શિ.નિ.ની કચેરી, આકૃયુ,આણંદ | ૮૧૪૧૫૪૨૬૦૦ |

(૪) નવ જિલ્લાના નોડલ વૈજ્ઞાનિકોએ, વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરીના નીચે જણાવેલ અધિકારીઓ સાથે સંકલન કરવાનું રહેશે.

| અ.નં. | જિલ્લા નોડલ વૈજ્ઞાનિકનું નામ | જિલ્લાનું નામ | વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરીના અધિકારીનું નામ |
|---|---|---|---|
| ૧ | ડાં. એમ.એસ. જાકાસણીયા | અમદાવાદ | ડાં. એચ. બી. પટેલ |
| ૨ | ડૉ. કે.એસ. પ્રજાપતિ | ખેડા | ડાં. એચ. બી. પટેલ |
| ૩ | ડાં. એચ. આર.પટેલ | આણંદ | ડાં.એન.વી.સોની |
| ૪ | ડાં. એસ.જે. પટેલ | વડોદરા | ડાં.એન.વી.સોની |
| ૫ | ડાં. એમ. એસ. ખાનોરકર | પંચમહાલ | ડાં. મુકેશ આર.પટેલ |
| ૬ | ડાં. ઉમેશ એમ પટેલ | દાહોદ | ડાં. મુકેશ આર.પટેલ |
| ૭ | ડૉ. બી. એન. પટેલ | મહિસાગર | ડાં. અર્પિતા શર્મા |
| ૮ | ડાં. સુનિલ આર. પટેલ | છોટાઉદેપુર | ડાં. કુણાલ ગુલકરી |
| ૯ | ડાં. કે. જે. સુથાર | બોટાદ | શ્રી જે. ડી. દેસાઇ |

આ કાર્યાલય આદેશના મુદા નં. ૩ મુજબના વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરીના ક્રમ ૧ થી ૮ સુધીના અધિકારીઓ (આઠ)ને, યુનિવર્સિટી માહિતી સેલના ૨ અધિકારીઓ તથા ઉપરોકત જિલ્લાના નોડલ વૈજ્ઞાનિકો- ૯ (નવ) મળી કુલ ૧૯ અધિકારીઓને સંદેશાવહનની સગવડતા મળી રહે તે માટે સીમકાર્ડ ખરીદવા/રીચાર્જ વાઉચર માટે પ્રતિ અધિકારી રૂ. ૨૦૦/- ની મર્યાદામાં સીમકાર્ડ ખરીદવા/રીચાર્જ વાઉચરનો ખર્ચ કરવાની મંજુરી આપવામાં આવે છે, તેનો ખર્ચ તેમની કચેરી/ રવિ

કૃષિ મહોત્સવની ગ્રાન્ટમાંથી પાડી શકાશે. ઉપરોકત નિયુકત થયેલ અધિકારીઓ કૃષિમહોત્સવ દરમ્યાન અને ત્યારબાદની કૃષિમહોત્સવ સબંધિત કામગીરી માટે જવાબદાર રહેશે.

(૫) દૈનિક મોડેલ એક દિવસિય કાર્યક્રમમાં તાલુકા કક્ષાએ ખેડૂત સભાઓ, શિબિરો, એપીએમસીની શિબિરો યોજાય ત્યારે વૈજ્ઞાનિકો માર્ગદર્શન આપે તે જરુરી છે. આ હેતુથી જિલ્લાવાર નીચે મુજબની વૈજ્ઞાનિકોની બે ખાસ ટીમો રચવામા આવે છે. જ્યારે એક જિલ્લાના બે તાલુકામાં કાર્યક્રમ યોજાય ત્યારે બંને ટીમોએ આયોજન કરી જવાનું રહેશે,અન્યથા કોઇ એક ટીમે જવાનું રહેશે..

## રવિ કૃષિ મહોત્સવ-૨૦૧૫ની કૃષિ વૈજ્ઞાનિકોની ખાસ ટીમ

જીલ્લો : વડોદરા

| ક્રમ | ટીમ-૧ | ક્રમ | ટીમ-૨ |
|---|---|---|---|
| ૧ | ડૉ.સુભાષ જે.પટેલ, (મો. ૯૮૨૫૦૪૦૫૮૦)<br>પ્રાધ્યાપક અને જિલ્લા નોડલ વૈજ્ઞાનિક,<br>બાગાયત પોલીટેક,વડોદરા, આ.કૃ.યુ., આણંદ | ૧ | ડો.વી.વી .સોનાણી (મો.૯૭૨૫૦૦૩૮૮૩)<br>સંશોધન વૈજ્ઞાનિક ,કૃષિ સંશોધન કેન્દ્ર,<br>આકૃયુ, ડેરોલ, |
| ૨ | ડો .એસ.એસ .સીતાપરા (મો.૯૭૨૫૦૩૦૮૮૩)<br>મદદ. પ્રાધ્યાપક, એસ. ડી.એમ. પોલીટેક ઇન<br>હોર્ટીકલ્ચર, મોડેલ ફાર્મ, આકૃયુ, વડોદરા | ૨ | શ્રી અંકુર પી. પટેલ<br>મદદ પ્રાધ્યાપક, એસ. ડી.એમ. પોલીટેક<br>ઇન હોર્ટીકલ્ચર, મોડેલ ફાર્મ, આકૃયુ,<br>વડોદરા |
| 3 | ડો.કે.કે .હડીયા (મો. ૯૮૨૪૫ ૮૪૦૪૭)<br>મદદ.પ્રાધ્યાપક, વેટરનરી કોલેજ, આકૃયુ ,<br>આણંદ | 3 | ડો.એન. ડી. હિરાણી (૦૨૬૯૨ ૨૨૫૯૨૭)<br>સહ પ્રાધ્યાપક, પેરાસાયટોલોજી વિભાગ,<br>વેટરનરી કોલેજ, આકૃયુ ,આણંદ |
| વડોદરાની ગાડી .જીજે-૬-એ-૧૭૬૪ કઠોળ યોજના | | સંશોધન કેન્દ્ર ડેરોલનું વાહન જીજે ૧૭જી ૦૬૩૪ | |

જીલ્લો : અમદાવાદ

| | | | |
|---|---|---|---|
| ૧ | ડૉ.એમ.એસ.જાકાસણીયા (મો.૯૪૨૭૪૯૦૫૭૫)<br>સંશોધન વૈજ્ઞાનિક અને જિલ્લા નોડેલ<br>અધિકારી, સંશોધન કેન્દ્ર, આકૃયુ, અરણેજ | ૧ | ડો .આર.કે.પાટીલ(મો.૯૮૯૮૧૦૪૯૨૪)<br>પ્રાધ્યાપક ,વનસ્પતિ રોગશાસ્ત્ર ,<br>બી.એ.સી.એ ,.આકૃયુ ,આણંદ |
| ૨ | ડૉ.વી. આઇ. જોશી, (મો. ૯૯૭૯૯૩૯૯૩૪)<br>મદદ. સંશોધન વૈજ્ઞાનિક, બાગાયત વિભાગ,<br>બી.એ.સી.એ., આ.કૃ.યુ., આણંદ | ૨ | ડો. પી.ડી. પટેલ (મો.૯૪૨૭૬૨૧૬૯૧)<br>વિષય નિષ્ણાંત(બાગાયત), કૃષિ વિજ્ઞાન<br>કેન્દ્ર, આ.કૃ.યુ., અરણેજ |
| 3 | ડો જી.સી.મંડલી .(મો.૯૪૨૭૮૫૭૪૪૯)<br>સહ પ્રાધ્યાપક ,મેડીસીન વિભાગ ,વેટનરી<br>કોલેજ આકૃયુ ,આણંદ | 3 | ડો.આર.એ.માથકીયા,(મો.૯૨૨૮૩ ૦૯૩૭૧)<br>મદદ પ્રાધ્યાપક,મા ઇક્રો વિભાગ, વેટનરી<br>કોલેજ આકૃયુ,આણંદ |
| બાયોટેકનોલોજી વિભાગનું વાહન જીજે-૨૩-એ-૯૩૧૩ | | માઇક્રોન્યુટ્રીયન્ટ પ્રોજેક્ટની જીજે-૨૩ એમ ૪૯૩૨ | |

જીલ્લો : દાહોદ

| | | | |
|---|---|---|---|
| ૧ | ડૉ.ટી.એમ .ભરપોડા.(મો.૯૪૨૭૮૫૭૬૧૮)<br>સહ પ્રાધ્યાપક, કીટકશાસ્ત્ર વિભાગ<br>બી.એ.સી.એ ,.આકૃયુ ,આણંદ | ૧ | ડૉ.ઉમેશ.એમ.પટેલ (મો.૯૪૨૬૫૩૧૯૮૭)<br>જિલ્લા નોડેલ વૈજ્ઞાનિક અને પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર ,કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ,મુવાલીયા ફાર્મ ,આકૃયુ ,દાહોદ |
| ૨ | ડૉ.જે. એસ. પટેલ (મો ૯૯૦૪૦૧૯૪૫૮)<br>મદદ. પ્રાધ્યાપક, બાગાયત વિભાગ,<br>બી.એ.સી.એ., આ.કૃ.યુ., આણંદ | ૨ | ડો .એચ.એલ. કાચા, (મો. ૯૭૨૭૭૨૬૭૮૧)<br>વિષય નિષ્ણાંત(બાગાયત), કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ,મુવાલીયા ફાર્મ ,આકૃયુ ,દાહોદ |
| 3 | ડૉ.એ.પી. પરમાર (મો ૯૮૨૪૫૯૭૫૭૧)<br>મદદ સંશોધન વૈજ્ઞાનિક , ગાયનેક વિભાગ ,<br>વેટનરી કોલેજ ,આકૃયુ ,આણંદ | 3 | ડો .આર .રાધારાણી (મો. ૯૫૩૭૮૯૨૬૦૬)<br>વિષય નિષ્ણાંત(વેટેરીનરી), કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ,મુવાલીયા ફાર્મ ,આકૃયુ ,દાહોદ |
| | **જીજે-૨૩-એ-૮૪૬૧ કિટકશાસ્ત્ર યોજનાનું વાહન** | | **જીજે-૨૦-જી-૦૧૬૨ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દાહોદનું વાહન** |

જીલ્લો : પંચમહાલ

| | | | |
|---|---|---|---|
| ૧ | ડૉ.એમ.એસ. ખાનોરકર (મો ૯૯૦૪૨૩૮૩૫૯)<br>સંશોધન વૈજ્ઞાનિક અને જિલ્લા નોડલ વૈજ્ઞાનિક મકાઈ સંશોધન કેન્દ્ર, ગોધરા, આકૃયુ ,આણંદ | ૧ | ડૉ.એન.પી. ચૌહાણ (મો. ૯૯૦૯૮૫૫૧૨૩)<br>પ્રોફેસર, એગ્રોનોમી વિભાગ,<br>બી.એ.સી.એ. આકૃયુ ,આણંદ |
| ૨ | ડૉ.બી.એન.સાટોડીયા (મો.૯૮૨૫૭૮૫૨૫૪)<br>સહ પ્રધ્યાપક, બાગાયત વીંગ,<br>બી.એ.સી.એ., આ.કૃ.યુ., આણંદ | ૨ | ડૉ.ડી.આર.પરડવા (મો. ૯૯૭૮૯૦૯૪૨૩)<br>મદદ. પ્રાધ્યાપક, બાગાયત વીંગ,<br>બી.એ.સી.એ., આ.કૃ.યુ., આણંદ |
| 3 | ડૉ.એચ.પી.મધીરા (મો. ૯૨૨૭૪ ૨૦૮૨૯)<br>મદદ.પ્રાધ્યાપક, મેડીસીન વિભાગ, વેટનરી કોલેજ, આકૃયુ ,આણંદ | 3 | ડૉ. બી. સી. પરમાર (મો.૯૯૭૪૧૪૩૩૫૭)<br>સહ પ્રાધ્યાપક, વીપીએચ વિભાગ, વેટનરી કોલેજ ,આકૃયુ ,આણંદ |
| | **જીજે-૨૩-એ.એફ -૪૧૯૬ ઘાસચારા સંશોધન કેન્દ્ર વાહન** | | **જીજે-૨૩-એચ-૨૮૨૦ બાયો કંટોલ વિભાગનું વાહન** |

જીલ્લો : આણંદ

| | | | |
|---|---|---|---|
| ૧ | ડો.એચ.આર.પટેલ ,(મો.૯૮૨૫૬૯૨૯૯૯) સંશોધન વૈજ્ઞાનિક અને જિલ્લા નોડલ વૈજ્ઞાનિક ,બી.ટી.આર.એસ ,આકૃયુ ,આણંદ | ૧ | ડો.ગીરીશ.જે.પટેલ (મો.૯૪૨૩૯૫૬૧૮૦) પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર, કેવીકે,આકૃયુ , દેવાતજ |
| ૨ | ડૉ. ડી.ડી. નાઈ (મો.૯૪૨૯૬૭૧૫૦૯) મદદ. પ્રાધ્યાપક, બાગાયત વીંગ, બી.એ.સી.એ., આ.કૃ.યુ., આણંદ | ૨ | ડો અમિતા બી.પરમાર (મો. ૯૭૨૪૩૨૪૭૮૫), વિષય નિષ્ણાંત(બાગાયત), કૃષિ વિજ્ઞાન કેન્દ્ર , આકૃયુ , દેવાતજ |
| ૩ | ડૉ.ડી. સી. પટેલ (મો ૯૮૯૮૫૯૦૨૨૭) સહ સંશોધન વૈજ્ઞાનિક, એનીમલ ન્યુટ્રીશન વિભાગ, વેટનરી કોલેજ આકૃયુ ,આણંદ | ૩ | ડો .શ્રીકાંત બી.કાટોલે (મો. ૯૮૯૮૧ ૫૮૭૫૫) વિષય નિષ્ણાંત(પશુ), કૃષિ વિજ્ઞાન કેન્દ્ર , આકૃયુ , દેવાતજ |
| | **જીજે-૭-જી-૨૮૪ બી.ટી.આર.એસ યોજનાનું વાહન** | | **કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દેવાતજનું વાહન બોલેરો** |

જીલ્લો : ખેડા

| | | | |
|---|---|---|---|
| ૧ | ડૉ.કે. એસ. પ્રજાપતિ, (મો. ૯૯૨૫૩૬૬૦૦૪) સંશોધન વૈજ્ઞાનિક અને જિલ્લા નોડલ વૈજ્ઞાનિક, ચોખા સંશો. કેન્દ્ર, આ.કૃ.યુ., નવાગામ | ૧ | ડો.આર. પી. કાચા (મો.૯૪૨૭૮૫૮૬૭૨), સહ સંશોધન વૈજ્ઞાનિક, કૃષિ સંશોધન કેન્દ્ર (પીયત પાકો), આ.કૃ.યુ., ઠાસરા |
| ૨ | ડો .એન.જે.વિહોલ, (મો. ૯૮૭૯૦૫૬૩૨૯) સહ પ્રાધ્યાપક, બાગાયત વીંગ, બી.એ.સી.એ., આ.કૃ.યુ., આણંદ | ૨ | ડો.એમ.જે .પટેલ (મો. ૯૪૨૯૯૫૯૧૭૯) સહ પ્રાધ્યાપક, બાગાયત વિભાગ, બી.એ.સી.એ., આ.કૃ.યુ., આણંદ |
| ૩ | ડો .એમ.એમ.ત્રિવેદી (મો.૯૮૭૯૧૨૮૮૬૩) પ્રાધ્યાપક ,પશુપાલન વિભાગ ,બી.એ.સી.એ,. આકૃયુ ,આણંદ | ૩ | ડો.આર. જે. મોદી (મો.૯૪૨૭૫૬૦૦૮૫) મદદ. પ્રાધ્યાપક ,એલપીએમ વિભાગ, વેટનરી કોલેજ, આકૃયુ ,આણંદ |
| | **જીજે-૨૩-એચ-૫૪૯૧ શાકભાજી યોજનાનું વાહન** | | **જીજે ૨૩ એચ ૯૩૭ વેટરનરી કોલેજનું વાહન** |

જીલ્લો : બોટાદ

| | |
|---|---|
| ૧ | ડૉ.કે. જે. સુથાર (મો .૯૪૦૮૯૩૨૮૯૫)<br>મદદ. સંશોધન વૈજ્ઞાનિક અને નોડલ<br>ઓફીસર, કૃષિ સંશોધન કેન્દ્ર<br>આકૃયુ ,ધંધુકા |
| ૨ | ડો.કે.એમ.પટેલ (મો .૯૬૬૨૫૨૭૮૧૮)<br>સહપ્રાધ્યાપક , બાગાયત વિભાગ ,<br>બી.એ.સી.એ. આકૃયુ , |
| 3 | ડૉ.એમ.એ.શેખ (મો- ૯૬૦૧૨૭૭૯૫૦)<br>મદદ.પ્રાધ્યાપક, વેટનરી કોલેજ,<br>આકૃયુ, આણંદ |
| | **જીજે ૨૩ એ ૮૪૬૨ આરઆરએસ નું વાહન** |

જીલ્લો : મહિસાગર

| | | | |
|---|---|---|---|
| ૧ | ડો.બી. એન.પટેલ ,(મો.૯૮૨૫૬૯૨૯૯૯)<br>સહ સંશોધન વૈજ્ઞાનિક અને જિલ્લા નોડલ<br>વૈજ્ઞાનિક , દિવેલા સંશોધન કેન્દ્ર, સણસોલી<br>આકૃયુ ,આણંદ | ૧ | ડૉ.પી. કે.પરમાર (મો-૭૬૯૮૪૭૫૦૦૨)<br>મદદ. સંશો. વૈજ્ઞાનિક,<br>મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આકૃયુ,<br>ગોધરા |
| ૨ | ડો. એ. વી. કોટેચા (મો.૯૬૦૧૨૭૮૦૧૧)<br>મદદ પ્રાધ્યાપક, બાગાયત વીંગ,<br>બી.એ.સી.એ., આ.કૃ.યુ., આણંદ | ૨ | ડૉ.બી.એ.જેઠવા, (મો- )<br>મદદ. પ્રધ્યાપક, કૃષિ પોલીટેક. વીંગ,<br>આ.કૃ.યુ., વસો |
| 3 | ડૉ.દિનેશ વી. ચૌધરી(મો- ૯૪૨૭૬૪૯૬૫૩)<br>મદદ. પ્રાધ્યાપક ,વેટનરી કોલેજ આકૃયુ ,<br>આણંદ | 3 | ડૉ. એસ.જી.વ્હોરા (મો ૯૮૯૮૩૧૬૭૮૬)<br>સહ પ્રાધ્યાપક, પશુ વિજ્ઞાન કેન્દ્ર, આકૃયુ ,<br>દેવગઢ બારીયા |
| | **જીજે ૨૩ એચ ૫૦૧૦ સણસોલી કેન્દ્રનું વાહન** | | **પક્ષીશાસ્ત્ર વિભાગનું વાહન** |

જીલ્લો : છોટા ઉદેપુર

| | | | |
|---|---|---|---|
| ૧ | ડૉ. સુનિલ આર. પટેલ , (મો. ૯૬૨૪૨૬૧૨૭૧)<br>સહ પ્રાધ્યાપક અને જિલ્લા નોડલ વૈજ્ઞાનિક, એગ્રી વિંગ, આ.કૃ.યુ., જબુગામ | ૧ | ડો. આર.જી.મછાર (મો.૯૪૨૭૦૧૯૧૩૨),<br>સહ પ્રાધ્યાપક ,<br>એગ્રી વિંગ, જબુગામ આ.કૃ.યુ., આણંદ |
| ૨ | શ્રી પી.એ. મહેરીયા, ( મો- ૯૩૭૭૬૬૧૮૦૫)<br>મદદ. પ્રાધ્યાપક, બાગાયત વિભાગ, બી.એ.સી.એ., આ.કૃ.યુ., આણંદ | | ડો. વી. કે. પટેલ<br>મદદ. પ્રાધ્યાપક, એગ્રી વિંગ, આ.કૃ.યુ., જબુગામ |
| ૩ | ડો .જે.એચ,.ચોધરી (મો- ૯૫૧૦૯૩૨૫૭૫)<br>મદદ. પ્રાધ્યાપક ,વેટ. પબ્લીક હેલ્થ , વેટરનરી કોલેજ, આકૃયુ ,આણંદ | ૩ | ડો.બી. બી. ભંડેરી (મો. ૯૨૨૮૩૦૯૩૭૧)<br>મદદ. પ્રાધ્યાપક ,વેટ. પબ્લીક હેલ્થ ,<br>વેટરનરી કોલેજ, આકૃયુ ,આણંદ |
| | **જીજે ૨૩ એ ૭૪૪૮ નિંદણ નિયત્રણ વિભાગનું વાહન** | | **જીજે ૬ ડીક્યુ ૨૨૬૪ ડભોઈ સંશોધન કેન્દ્રનું વાહન** |

ખાસ વૈજ્ઞાનિક ટીમોએ રવિ કૃષિ મહોત્સવ-૨૦૧૫ દરમ્યાન જિલ્લા નોડલ વૈજ્ઞાનિકોના સંકલનમાં રહી ફરજ બજાવવાની રહેશે. નોડલ વૈજ્ઞાનિકોને ફાળવેલ વાહન આ આદેશ મળ્યે તેમના હવાલે કરવું. આ માટે થનાર ડીઝલ-ઓઇલ વગેરે ખર્ચ માટે જે તે ટીમના જિલ્લા નોડલ વૈજ્ઞાનિકોએ વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરીમાંથી એડવાન્સ ઉપાડી ડીઝલની વ્યવસ્થા કરવાની રહેશે.

કાર્યક્રમના નોડલ વૈજ્ઞાનિકોએ જે તે તાલુકાના રવિ કૃષિ મહોત્સવની પ્રવૃત્તિઓ અસરકારક બને તે રીતે સંકલન કરવાનુ રહેશે. આ ટીમ તાલુકાના રવિ પાકો, બાગાયતી પાકો અને પશુપાલન અંગે માહિતિ આપશે, જેમાં સોઇલ હેલ્થ કાર્ડ, ઇન્ટીગ્રેટેડ ન્યુટ્રીયન્ટ મેનેમેન્ટ, ડ્રીપ ઇરીગેશન, સજીવ ખેતી, ટકાઉ ખેતી, ઇન્ટીગ્રેટેડ પેસ્ટ મેનેજમેન્ટ, પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજી, ગ્રેડીંગ, પેકેજીંગ અને વૈજ્ઞાનિક પદ્ધતિથી અનાજ સંગ્રહ જેવા વિષયો આવરી લેવાના રહેશે.અને વધુમાં તેઓએ સમગ્ર કાર્યક્રમનો રોજે રોજનો અહેવાલ તેમજ ખેડૂતોએ પુછેલા પ્રશ્નો તથા ખેડૂતોને આપેલ માહિતી વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરીમાં મોનીટરીંગ સેલના કન્વીનરને અચૂક મોકલવાની રહેશે. જેનો પ્રફોર્મા કૃષિમહોત્સવ શરૂ થતાં પહેલાં વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરીએથી મેળવી લેવાનો રહેશે. આ ઉપરાંત કૃષિ મહોત્સવ પૂર્ણ થયા બાદ જે તે જિલ્લાનો બે પાનાનો સંક્ષિપ્ત અહેવાલ ફોટોગ્રાફસ સહિત વિસ્તરણ શિક્ષણ નિયામકને તા. ૨૫-૧૧-૨૦૧૫ સુધીમાં અચૂક મોકલી આપવાનો રહેશે.

વૈજ્ઞાનિકોની ટીમે કાર્યક્રમની શરૂઆતથી માંડી અંત સુધીના કાર્યક્રમ (કૃષિ ગોષ્ઠી) સુધી સ્થળ ઉપર હાજર રહેવાનું રહેશે. તદુપરાંત સ્ટોલ ઉપર કૃષિ/પશુપાલન માર્ગદર્શન પણ આપવાનું રહેશે.

(૬) યુનિવર્સિટીના આ ટીમોના વૈજ્ઞાનિકોએ તેઓના ટી.એ.બીલો વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરીને મોડામાં મોડા તારીખ ૨૧-૧૨૧-૨૦૧૫ સુધીમાં મોકલી આપવાનાં રહેશે. જેમા ટુર ડાયરી ઓન લાઇન યુનિવર્સિટીના નીતિનિયમો પ્રમાણે મંજુર કરાવી વિસ્તરણ શિક્ષણ નિયામક પાસે ટી.એ.બીલ મંજુરી અર્થે તેમજ ચુકવણા માટે બે નકલમાં રજૂ કરવાના રહેશે. વધુમાં તેઓને આ રવિ મહોત્સવમાં જોડાવા માટેના વિસ્તરણ શિક્ષણ નિયામકના કાર્યાલય આદેશની નકલ પણ જોડવાની રહેશે. આ ટી.એ. બીલની ચૂકવણીની કામગીરી વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરીના ર્ડા.બી એસ પટેલ, શ્રી શ્રી કે. જી. સોલંકી અને શ્રી સી. આર. મારવાડીને સોંપવામાં આવે છે.

(૭) માર્ગદર્શક સૂચનાના મુદ્દા નં. ૨૪ અનુસાર રવિ કૃષિ મહોત્સવની બિન આંકડાકીય માહીતી જેવી કે વૈજ્ઞાનિકોએ કયા વિષય ઉપર માર્ગદર્શન આપ્યું, તેમને પુછવામાં આવેલ પ્રશ્નો, જવાબો વગેરે વિગતોને આવરી લઈ રોજે રોજ અહેવાલ તૈયાર કરી સરકારશ્રીના મોનીટરીંગ સેલને મોકલવાનો રહે છે. આ માટે નીચે મુજબની સમિતિની રચના કરવામાં આવે છે. આ સમિતિએ દરરોજ જીલ્લા નોડેલ વૈજ્ઞાનિકો પાસેથી માહિતી મેળવી જિલ્લાવાર અહેવાલ તૈયાર કરી ગાંધીનગર રવિ કૃષિ મહોત્સવ- ૨૦૧૫- મોનીટરીંગ સેલને રોજે રોજ મેઇલ/ફેકસથી મોકલી આપવાનો રહેશે. આ કામગીરી કરવા માટે સમિતીએ દરરોજ સાંજના ૩ થી ૬ કલાક દરમ્યાન વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી ખાતે બેઠક યોજીને કરવાની રહેશે.

| | મોનીટરીંગ એન્ડ રીપોટીંગ સેલઃ | | | |
|---|---|---|---|---|
| ૧ | ડૉ.એ.સી.વૈદ્ય (મો. ૯૭૨૬૮૬૬૫૦૧) | સહ પ્રાધ્યાપક, વેટરનરી વિસ્તરણ વિભાગ., વેટરનરી કોલેજ, આ.કૃ.યુ.,આણંદ | કન્વીનર | રોજ રોજની માહિતી એકત્રિત કરવી અને ઉપર મુજબ માહિતી તૈયાર કરી રાજ્ય સરકારને માહિતી પુરી પાડવી. |
| ૨ | પ્રોફેસર જે.એન. મોટકા (મો. ૯૪૨૯૦૬૬૯૫૧) | મદદ. પ્રાધ્યાપક, આંકડાકીય વિભાગ, બી.એ.સી. એ.આકૃયુ આણંદ | સભ્ય | |

ઉપરોકત કાર્યાલય આદેશ રવિ કૃષિ મહોત્સવ-૨૦૧૫ ની અસરકારક કામગીરી માટે અને યુનિવર્સિટીના કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે. આ ઉપરાંત અન્ય કોઈ વધારાની કામગીરી કરવાની થાય તે પણ જે તે અધિકારી/કર્મચારીએ કરવાની રહેશે.

આ કાર્યાલય આદેશ માન. કુલપતિશ્રીની મંજૂરી મેળવી બહાર પાડવામાં આવેલ છે.

(પી.પી પટેલ) 15/10/15
વિસ્તરણ શિક્ષણ નિયામક

જા.નં.આકૃયુ/વિશિનિ/રવિ કૃ.મ.૧૫/ ૨૮૪૨ /૨૦૧૫
તા. ~~૧૪~~ ૧૫ /૧૦/૨૦૧૫

નકલ રવાના જાણ તેમજ ઘટતુ થવા માટે :

(૧) યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ (તમામ) આ.કૃ.યુ., આણંદ
(૨) આચાર્યશ્રીઓ તેમજ ડીન (તમામ) આ.કૃ.યુ., આણંદ
(૩) જિલ્લા નોડલ વૈજ્ઞાનિક (તમામ) આ.કૃ.યુ., આણંદ
(૪) યુનિટ અધિકારીશ્રીઓ (તમામ) આ.કૃ.યુ., આણંદ
(૫) સબ યુનિટ અધિકારીશ્રી (તમામ) આ.કૃ.યુ., આણંદ

નકલ રવાના
ઉપરોકત સબંધિતો તરફ જાણ તથા અમલ સારૂં
પ્રતિ,

..................................
..................................

## <u>રવિ કૃષિ મહોત્સવ-૨૦૧૫ અંગેની માર્ગદર્શક સુચનાઓ</u>

રાજયના ખેડૂતોને રવિ સીઝનમાં રવિ પાકો વિષે આધુનિક કૃષિ તાંત્રિકતા અંગે માર્ગદર્શન તેમજ ખાતાની વિવિધ સહાય યોજનાઓ અંગેને સમજ મળી રહે તે હેતુસર રવિ સીઝન અગાઉ રવિ કૃષિ મહોત્સવ-૨૦૧૫નું આયોજન કરવાનું થાય છે. તે પ્રમાણે રવિ સિઝનમાં ખેડૂતોને રવિ પાકો અંગે આધુનિક કૃષિ તાંત્રિકતા અંગે માર્ગદર્શન મળે, તેમના પાક ઉત્પાદનમાં વધારો થાય અને વધુ આવક મેળવે અને ખાતાની વિવિધ સહાય યોજનાઓની જાણકારી મળી રહે તે ઉદેશને ધ્યાને લઇ રાજયમાં તાલુકા દીઠ એક રવિ કૃષિ મહોત્સવ યોજવાનું ખાતા ધ્વારા આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમના આયોજનની રૂપરેખા નીચે મુજબ તૈયાર કરવામાં આવેલ છે.

### <u>રવિ કૃષિ મહોત્સવ-૨૦૧૫ની રૂપરેખા</u>

(૧) રવિ કૃષિ મહોત્સવ-૨૦૧૫નું આયોજન ઓક્ટોબર-૨૦૧૫ (તા. ૨૬/૧૦/૧૫ થી તા. ૦૭/૧૧/૧૫) દરમ્યાન યોજાશે.

(૨) રવિ કૃષિ મહોત્સવના આયોજન માટે જીલ્લા કક્ષાએ જીલ્લા કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં સમિતિની રચના કરવી. જેમાં લાઇન ડીપાર્ટમેન્ટના (કૃષિ, બાગાયત, પશુપાલન, જીએલડીસી, સહકાર, જીજીઆરસી, કૃષિ યુનિવર્સિટી, માહિતી ખાતું, વિગેરેમાં) અધિકારીઓને સભ્ય તરીકે રાખવાના રહેશે અને જીલ્લા ખેતીવાડી અધિકારી સભ્ય સચિવ તરીકે રહેશે.

(૩) તાલુકા કક્ષાએ તાલુકા વિકાસ અધિકારીના અધ્યક્ષ સ્થાને તાલુકા અમલીકરણ સમિતિની રચના કરવાની રહેશે. જે તાલુકા કક્ષાના કાર્યક્રમ માટે જવાબદાર રહેશે.

(૪) નવા તાલુકાઓ પ્રમાણે રાજ્યમાં,તાલુકા દીઠ એક રવિ કૃષિ મહોત્સવનું આયોજન કરવાનું રહેશે. એપીએમસી ખાતે અથવા જીલ્લા ખેતીવાડી અધિકારી, જીલ્લાની ઉક્ત કમીટીના પરામર્શમાં રહી નક્કી કરે તે જગ્યાએ કરવાનો રહેશે.

(૫) રવિ કૃષિ મહોત્સવમાં ઓછામાં ઓછા ૧૦૦૦ ખેડૂતોને તાલુકાના તમામ ગામોનું પ્રતિનિધિત્વ જળવાય તે રીતે આવરી લઈ આયોજન કરવાનું રહેશે.

(૬) દરેક કાર્યક્રમમાં આશરે ૧૦૦૦ ખેડૂતો હાજર રહે તેવી વ્યવસ્થા તેમજ તેમનાં લંચની વ્યવસ્થા જિલ્લાતંત્ર મારફત કરવાની રહેશે. લંચ માટે પ્રતિ ખેડૂત રૂ. ૭૫/- ની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે

(૭) જીલ્લા ખેતીવાડી અધિકારીએ દરેક કાર્યક્રમના સફળ સંચાલન માટે સ્થાનિક ધોરણે કૃષિ અને સંલગ્ન ખાતાના અધિકારીઓ સાથે ગુજરાત રાજ્ય બીજ નિગમ, ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન, કૃષિ યુનિવર્સિટી, ખાતર કંપની, સ્થાનિક કૃષિ ઇનપુટ અને યાંત્રિક સાધનોના ડીલર્સ વિગેરેના સંકલનમાં રહી જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

(૮) કૃષિ મહોત્સવના સ્થળે નીચે મુજબના સ્ટોલ લગાવવામાં આવશે. સ્થાનિક જરૂરીયાતને અનુલક્ષીને સ્ટોલની કુલ સંખ્યા અંદાજીત ૨૦ ની આસપાસ રાખવાની રહેશે. સ્થળ ઉપર સ્ટોલ તેમજ સ્ટેજ બનાવવાની કામગીરી આત્મા દ્વારા તેમના કૃષિ મેળામાં કરવામાં આવતી ગાઇડ લાઇન (ટેન્ડર પ્રક્રિયા) મુજબ કરવાની રહેશે. સંભવિત સ્ટોલની યાદી નીચે મુજબ રહેશે.

- બીજ નિગમ (બીજ વેચાણ માટે)
- કૃષિ યુનિવર્સિટીઓ- કૃષિ વૈજ્ઞાનિક દ્વારા માર્ગદર્શન, પ્રશ્નોનું નિરાકરણ વિગેરે માટે)
- કૃષિ અને સંલગ્ન ખાતાના સ્ટોલ ખાતુ ( યોજનાકીય અને પાક વિષયક માહીતીના સાહિત્યના વિતરણ તેમજ ફ્લેક્ષ બેનર, પોસ્ટર વિગેરે થકી વિસ્તરણ પ્રવૃતિ માટે)
- જીલ્લા દૂધ સહકારી સંઘ-
- ગુજરાત એગ્રો ઇન્ડ. કો.- માઇક્રોન્યુટ્રીયન્ટ, બાયોફર્ટીલાઇઝર, દવાઓ વિગેરેના વિતરણ માટે)
- જી જી આર સી- (સૂક્ષ્મ પીયત પધ્ધતીના પ્રચાર/પ્રસાર નિદર્શન માટે)
- ખાનગી કંપનીઓ દ્વારા સ્થાનિક જરૂરીયાત મુજબના ફાર્મ મશીનરી/ એગ્રો પ્રોસેસીંગ માટેના યંત્ર/ઓજારો અને ખેતીવાડીના અન્ય ઇનપુટસના સ્ટોલ
- ખાતર કંપનીઓ (ખાતરના ઉપયોગ વિષે જાણકારી આપવા માટે)
- બેંકો ( કિસાન ક્રેડીટ કાર્ડ, જનધન યોજના, પાક ધિરાણ વિગેરે માટે)
- જે તે જીલ્લાની સ્થાનિક પરિસ્થિતી મુજબ સ્વચ્છતા મિશન/કુપોષણ/આધાર કાર્ડ વિગેરે વિષયો માટે

- જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી (સખી મંડળની ચીજ વસ્તુઓના પ્રદર્શન/વેચાણ વિગેરે માટે)
- મહેસુલ વિભાગ (પડતર વારસાઇના કેસોની અરજીઓ મેળવવા માટે)
- વન ખાતુ- એગ્રોફોરેસ્ટ્રી યોજના હેઠળ ખેડૂતોની જરૂરીયાત મુજબ વિવિધ પ્રકારના રોપા વિગેરેની સંખ્યાની નોંધણી માટે
- પ્રગતિશીલ ખેડૂતોના સ્ટોલ

(૯) કાર્યક્રમના સ્થળ ઉપરના પ્રદર્શન- વેચાણ કેંદ્ર ઉપર ગુજરાત બીજ નિગમ દ્વારા ડીલરો મારફત ખેડૂતોને વિવિધ યોજનાઓ હેઠળ બિયારણનું વિતરણ કરવાનુ રહેશે. ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન દ્વારા ડીલરો મારફત ખેડૂતોને વિવિધ યોજનાઓ હેઠળ માઇક્રોન્યુટ્રીયન્ટ, નિંદણ નાશક દવાઓ, લીક્વીડ બાયોફર્ટીલાઇઝરનું વિતરણ કરવાનું રહેશે તેમજ ગોબરગેસ અંગેની જાણકારી આપવાની રહેશે.

(૧૦) ખાનગી કંપનીઓ દ્વારા કૃષિ ઇનપુટ/ખેત ઓજાર વગેરે વિતરણ માટે જે સ્ટોલનું આયોજન કરવાનું થાય તે સ્ટોલ માટે રૂ. ૧૦૦૦/-નું ટોકન ભાડુ લેવામાં આવશે અને આવી રીતે ખાનગી સ્ટોલ પાસેથી મેળવેલ રકમ સ્થાનિક ગ્રામ પંચાયતને "કૃષિ લાયબ્રેરી"ની સગવડ ઉભી કરવા માટે આપવાની રહેશે. સંબધિત ગ્રામ પંચાયતે બે માસની અંદર કૃષિ લાયબ્રેરી ઉભી કરવાની રહેશે.

(૧૧) જીલ્લા પંચાયત સીટ્ના વિસ્તારમાં પાક/પશુપાલન/મત્સ્યપાલન વગેરેમાંથી લાગુ પડતી પ્રવૃતિ માટે ખાતાના સ્ટોલ પરથી ખેડૂતોને ટેક્નીકલ સાહિત્ય ઉપરાંત લાગુ પડતી રાજ્ય તથા કેંદ્ર સરકારની યોજનાઓ અંગેના સાહિત્યનું વિતરણ કરવામાં આવશે.

(૧૨) કાર્યક્રમ દરમ્યાન પ્રગતિશીલ ખેડૂતોની યાદી તૈયાર કરી તેમનું જાહેરમાં સન્માન કરવાનું રહેશે.

(૧૩) રવિ કૃષિ મહોત્સવમાં રવિ પાકોનું પ્રદર્શન તેમજ માર્ગદર્શક શીબીરનું આયોજન કરવાનું રહેશે. કૃષિ નિયામક,બાગાયત નિયામક,નિયામકશ્રી આત્મા, મેનેજીંગ ડાયરેક્ટર બીજ નિગમ, મેનેજીંગ ડાયરેક્ટર ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન, મેનેજીંગ ડાયરેક્ટર ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ વગેરેની વિવિધ કામગીરી અને યોજનાઓની માહિતિ પ્રદર્શન રુપે લોકો સુધી પહોંચાડવાની રહે છે. આ માટે જુદા જુદા સ્ટોલોમાં થીમ પેવેલિયન ઉભા કરવાના રહેશે. આ કામગીરી આત્મા કે ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન ખાતે એમપેનલ્ડ થયેલ એજન્સી પાસેથી કરાવવાની રહેશે. આ અંગેની ગ્રાન્ટ ગુજરાત રાજ્ય બીજ નિગમ દ્વારા આત્મા અથવા ગુજરાત એગ્રો ને ફાળવી આપવાની રહેશે.

(૧૪) રવિ કૃષિ મહોત્સવમાં જે તે જીલ્લાની સંબંધિત કૃષિ યુનિવર્સિટીના જીલ્લાના નોડલ વૈજ્ઞાનિકશ્રીએ વિષયને અનુરૂપ વૈજ્ઞાનિકશ્રીઓની હાજરીની વ્યવસ્થા કરવાની રહેશે અને સમગ્ર તાંત્રિક ભાગનું આયોજન સબંધિત કૃષિ યુનિવર્સિટીએ કરવાનું રહેશે.

(૧૫) રવિ કૃષિ મહોત્સવમાં આઈ-કિસાન પોર્ટલ તથા ખાતાની વિવિધ સહાયલક્ષી યોજનાઓની ખેડૂતોને સમજ આપવાની રહેશે.

(૧૬) રવિ કૃષિ મહોત્સવમાં કૃષિ/બાગાયત/પશુપાલન ખાતાના વિવિધ યોજનાઓના સહાયના ચેકનું વિતરણ કરવાનું રહેશે.

(૧૭) ખેડૂતોને કૃષિલક્ષી માર્ગદર્શન આપવાનું તેમજ ખેડૂતોના કૃષિ લક્ષી પ્રશ્નોનું નિરાકરણ લાવવાનું રહેશે.

(૧૮)રવિ કૃષિ મહોત્સવમાં જીજીઆરસી મારફતે ટપક સિંચાઇ પધ્ધતી અમલ માટે પ્રાપ્ત કરેલ અરજીઓની મંજૂરીના પત્રો આ કાર્યક્રમ દરમ્યાન વિતરણ કરવાના રહેશે. MIS અંગે શેરીંગ વર્કશોપ કરવાના રહેશે.

(૧૯) ગુજરાત જમીન વિકાસ નિગમ મારફતે કરવામાં આવતી કામગીરી જેવી કે ચેકડેમ, સિમતલાવડી, ખેતતલાવડી અને તળાવો ઊંડા કરવા જેવા કામોના વર્ક ઓર્ડરનું વિતરણ કરવાનું રહેશે.

(૨૦) ખેડૂતો માટે ઉપયોગી યોજનાકીય સાહિત્યનું વિતરણ કરવાનું રહેશે.

(૨૧) સહકાર વિભાગ અને બેન્કો દ્વારા, જે ખેડૂતોને ફીસાન ક્રેડીટ કાર્ડ મળ્યા બાદ લોન મંજૂર થયેલ હોય તેવા ખેડૂતોને લોન મંજુરીના હુકમોનું વિતરણ કરવાનું રહેશે.

(૨૨) સંબધિત બેન્કો દ્વારા બેંકેબલ યોજના હેઠળ ગામોમાં તૈયાર થયેલ અરજીઓની પ્રારંભિક ચકાસણી કરી મંજુર કરાવવી અને મંજુરી પત્રોનું વિતરણ કરવાનું રહેશે.

(૨૩) રવિ કૃષિ મહોત્સવ-૨૦૧૫નો દૈનિક મોડેલ કાર્યક્રમ આ સાથે પરિશિષ્ટ-૧ મુજબ રહેશે.

(૨૪) સમગ્ર રવિ કૃષિ મહોત્સવના રીપોર્ટીંગ માટે પશુપાલન નિયામકશ્રી હેઠળ કેન્દ્રીય મોનીટરીંગ સેલની રચના કરવાની રહેશે. જેના રીપોર્ટીંગ અંગેનું ફોર્મેટ કૃષિ વિભાગના પરામર્શમાં રહી પશુપાલન ખાતાએ તૈયાર કરવાનું રહેશે.

(૨૫) ખેડૂત શિબિરનું આયોજન કરવા માટે એપીએમસી/તાલુકા-જિલ્લાસંઘ/ સહકારીમંડળી/ દૂધમંડળી/ અન્ય ખેતી વિષયક મંડળી/ ગુજરાત એગ્રોના એગ્રો સર્વિસ સેન્ટર/ એગ્રી બિઝનેસ સેન્ટરને કામગીરી સોંપી શકાશે. આ ઉપરાંત આત્મા યોજનાના જૂથ(FIG)ને પણ આ કામગીરી સોંપી શકાશે.

(૨૬) કાર્યક્રમમાં ખેડૂતો મહત્તમ સંખ્યામાં ઉપસ્થિત રહે તેનું તેમજ કિસાન ગોષ્ઠીનું આયોજન આત્મા દ્વારા કરવાનું રહેશે.

(૨૭) રવિ કૃષિ મહોત્સવમાં સોઇલ હેલ્થ કાર્ડ, ઇન્ટીગ્રેટેડ ન્યુટ્રીયન્ટ મેનેજમેન્ટ, ડ્રીપ ઇરીગેશન, સજીવ ખેતી, ટકાઉ ખેતી, ઇન્ટીગ્રેટેડ પેસ્ટ મેનેજમેન્ટ જેવા વિષયો આવરી લેવાના રહેશે.

(૨૮) રવિ કૃષિ મહોત્સવમાં પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજી, ગ્રેડીંગ, પેકેજીંગ અને વૈજ્ઞાનિક પધ્ધતિથી અનાજ સંગ્રહ અંગેના વ્યાખ્યાનનું આયોજન કરવાનું રહેશે.

(૨૯) રવિ કૃષિ મહોત્સવની ડોકયુમેન્ટેશન, ફોટોગ્રાફી તેમજ વિડીયોગ્રાફી તૈયાર કરવી.

(30) રવિ કૃષિ મહોત્સવ-૨૦૧૫ના પ્રચાર પ્રસાર માટે કૃષિ મહોત્સવના પરંપરાગત માધ્યમો, અખબારમાં જાહેરાત, હોર્ડિંગ્સ, આકાશવાણી, દુરદર્શન પર પ્રસારણ વિગેરે નો ઉપયોગ કરવાનો રહેશે.

(૩૧) રવિ કૃષિ મહોત્સવમાં ખેડૂતોની બેઠક વ્યવસ્થા તેમજ પ્રાથમિક સુવિધાઓની વ્યવસ્થા કરવાની રહેશે જેમાં સમગ્ર કાર્યક્રમ દરમ્યાન સ્ટેજ, માઇક, સેમીનારને લગતી આનુસંગિક વ્યવસ્થા, ખેડૂત મોબીલાઇઝેશન સહિત કરવાની રહેશે.

(૩૨) ૧૦૦૦ ખેડૂતોને લાવવા લઇ જવાની વ્યવસ્થા આત્મા દ્વારા કરવાની રહેશે.

(૩૩) આત્મા દ્વારા ખેડૂતોના શિબિર માટે, પરિસંવાદ માટે આયોજન થકી આ કૃષિ મહોત્સવમાં ભાગ લઇ શકાશે. જે માટે આત્મા દ્વારા પોતાની પાસે ઉપ્લબ્ધ ગ્રાન્ટ જોગવાઇમાંથી આ રવી કૃષિ મહોત્સવમાં ખેડૂતોના માર્ગદર્શન માટે કાર્યક્રમનું સંકલન, આયોજન કરવાનું રહેશે.

(૩૪)રવિ કૃષિ મહોત્સવનું આયોજન કરનાર સંસ્થાએ નિયત નમુનામાં ખર્ચ અંગેની દરખાસ્ત તૈયાર કરી જે તે તાલુકા અમલીકરણ અધિકારી મારફત જિલ્લા ખેતીવાડી અધિકારીને રજુ કરવાની રહેશે. અને જીલ્લા ખેતીવાડી અધિકારીએ સંકલીત દરખાસ્ત નોડલ એજન્સી ગુજરાત રાજ્ય બીજ નિગમ, ગાંધીનગરને મોકલી આપવાની રહેશે.

(૩૫) રવિ કૃષિ મહોત્સવ-૨૦૧૫ની ગ્રાન્ટ નોડલ એજન્સી ગુજરાત રાજ્ય બીજ નિગમ, ગાંધીનગરને હવાલે મૂકવાની રહેશે. ગુજરાત રાજ્ય બીજ નિગમે અમલીકરણ એજન્સી વગેરેને ગ્રાન્ટ ફાળવવાની રહેશે.

(૩૬) રવિ કૃષિ મહોત્સવ-૨૦૧૫નો ખર્ચ કૃષિ મહોત્સવ-૨૦૧૫ યોજના હેઠળ કરવાનો રહેશે.

(૩૭) રવિ કૃષિ મહોત્સવ-૨૦૧૫ અંતર્ગત તાલુકા દીઠ ૬.૦૦ લાખ રૂપિયાની ગ્રાન્ટની જરૂરીયાત રહેશે. જે અંતર્ગત અંદાજીત કુલ રૂપિયા ૧૫.૦૬ કરોડ (૨૫૧ તાલુકા) તેમજ પ્રચાર પ્રસાર અને મીડીયા પ્લાન અંતર્ગત થનાર ખર્ચ રૂ. ૧.૪૫ કરોડનો સમાવેશ કરવાનો થાય તો કુલ રૂ. ૧૬.૫૧ કરોડની જરૂરીયાત રહેશે. જેનો ખર્ચ એજીઆર-૧ હેઠળ કૃષિ મહોત્સવ-૨૦૧૫ યોજના હેઠળ કરવાનો રહેશે.

## પરીશિષ્ટ-૧

## રવિ કૃષિ મહોત્સવ-૨૦૧૫નો એક દિવસીય સૂચિત મોડેલ કાર્યક્રમ

## (સ્થાનિક પરિસ્થિતિ મુજબ અંશતઃ ફેરફારને પાત્ર)

| સમય | સૂચિત કાર્યક્રમ | આયોજક |
|---|---|---|
| ૧૦:૦૦ થી ૧૦-૧૫ | રજીસ્ટ્રેશન | તાલુકા ટીમ |
| ૧૦-૧૫ થી ૧૦-૨૦ | દીપ પ્રાગટ્ય અને ઉદઘાટન સમારંભ | જીલ્લા ટીમ |
| ૧૦-૨૦ થી ૧૦-૫૦ | સેમીનાર લેકચર-૧ (કૃષિ) અને પ્રશ્નોત્તરી | કૃષિ વૈજ્ઞાનિક |
| ૧૦.૫૦ થી ૧૧.૨૦ | સ્થાનિક પ્રગતિશીલ ખેડૂતોના વિષયોક્ત અનુભવોનું આદાન-પ્રદાન | જીલ્લા ખેતીવાડી અધિકારી. પ્રગતિશીલ ખેડૂતો |
| ૧૧.૨૦ થી ૧૧.૫૦ | સેમીનાર લેકચર-૨ (બાગાયત) અને પ્રશ્નોત્તરી | કૃષિ વૈજ્ઞાનિક |
| ૧૧.૫૦ થી ૧૨.૨૦ | સ્થાનિક પ્રગતિશીલ ખેડૂતોના વિષયોક્ત અનુભવોનું આદાન-પ્રદાન | નાયબ બાગાયત નિયામક. પ્રગતિશીલ ખેડૂતો |
| ૧૨.૨૦ થી ૧૨.૫૦ | સેમીનાર લેકચર-૩ (પશુપાલન) અને પ્રશ્નોત્તરી | કૃષિ વૈજ્ઞાનિક |
| ૧૨.૫૦ થી ૧૪.૦૦ | વર્કીંગ લંચ | આયોજક |
| ૧૪.૦૦ થી ૧૪.૩૦ | સ્થાનિક પ્રગતિશીલ ખેડૂતોના વિષયોક્ત અનુભવોનું આદાન-પ્રદાન | નાયબ પશુપાલન નિયામક. પ્રગતિશીલ ખેડૂતો |
| ૧૪.૩૦ થી ૧૫.૩૦ | કિસાન ગોષ્ઠી | પ્રોજેકટ ડાયરેકટર, આત્મા |
| ૧૫.૩૦ થી ૧૭.૦૦ | પદાધિકારીઓનું પ્રવચન, ચેક/વર્ક ઓર્ડર નું વિતરણ અને આભાર વિધિ | સંલગ્ન વિભાગ |